નિર્ધારિત સમયમર્યાદામાં તમામ ખાનગી વાહનો માટે નિયત માર્ગો પર પ્રવેશબંધી અને ડાયવર્ઝન લાગુ રહેશે

# આણંદ શહેરમાં ૨૫મીએ ગણેશ વિસર્જન શોભાયાત્રા નિમિત્તે ટ્રાફિક ડાયવર્ટ કરાશે

**શોભાયાત્રા** દરમિયાન વાહન વ્યવહાર માટે વૈકલ્પિક માર્ગો જાહેર કરાયા

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદ શહેરમાં ૨૫મી સપ્ટેમ્બરે યોજાનારી ગણેશ વિસર્જન શોભાયાત્રા દરમિયાન ટ્રાફિક નિયંત્રણ અને સુચારુ વ્યવસ્થા જાળવવા માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા વિશેષ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ આદેશ અનુસાર નિર્ધારિત સમયમર્યાદામાં તમામ ખાનગી વાહનો માટે નિયત માર્ગો પર પ્રવેશબંધી અને ડાયવર્ઝન લાગુ રહેશે. જોકે, સરકારી વાહનો, એમ્બ્યુલન્સ અને ફાયરબ્રિગેડના વાહનોને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે.

આણંદ શહેરમાં ગણેશ વિસર્જનની શોભાયાત્રા આઝાદ મેદાનથી પ્રારંભ થઈને અંબાજી મંદિર, ગોપી સિનેમા, લોટીયા ભાગોળ, કપાસિયા બજાર, ટાવર બજાર, ગામડી વડ, કરમસદ - આણંદ મનપા કચેરી સામે, ગોપાલ ચાર રસ્તા, જૂના એસટી સ્ટેન્ડ, ભાથીજી મંદિર, વેરાઈ માતા મંદિર અને મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ થઈને પસાર થશે.

આ દરમિયાન ટાઉન હોલ ત્રણ રસ્તાથી ગોપી સિનેમા રોડ મહારાણા પ્રતાપ સ્ટેચ્યુ સુધી, બેઠક મંદિરથી ગામડી વડ, સ્ટેશન રોડ, મ્યુનિસિપલ દવાખાના અને લક્ષ્મી ટોકીઝથી વેનડોર ચાર રસ્તા સુધીના માર્ગો પર ડાયવર્ઝન રહેશે. આ ઉપરાંત, અમૂલ ડેરીથી મહારાણા પ્રતાપ સર્કલ તરફ જતા વાહનો તેમજ ઉમાભવન તરફથી પુલ પરથી ગંજ બજાર તરફ જતા વાહનો માટે વાહન વ્યવહાર બંધ રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદ શહેરમાં 25મીએ નિકળનારી શોભાયાત્રામાં 32 જેટલા મંડળ જોડાશે. આ ઉપરાંત સમગ્ર રૂટમાં આણંદ શહેર પોલીસ દ્વારા જરૂરી બંદોબસ્ત પણ ગોઠવવામાં આવશે.

### વાહનચાલકો માટે વૈકલ્પિક (ડાયવર્ઝન) માર્ગો

**સામરખા ચોકડી તરફથી આવતા વાહનો:** મહેન્દ્ર શાહ હોસ્પિટલ અને ગુજરાતી ચોક થઈ જૂના દાદર તથા અમુલ ડેરી રોડથી ગણેશ ચોકડી તરફ જઈ શકશે.

**લાંભવેલ અને વિદ્યાનગર રોડ તરફથી આવતા વાહનો:** જીઆઈડીસી ચોકડી, સરદાર બાગ પોલીસ ચોકી અને ભાલેજ ઓવરબ્રિજ થઈને સામરખા ચોકડી તરફ જઈ શકશે.

**બોરસદ ચોકડી તરફથી આવતા વાહનો:** ગણેશ ચોકડી, અમુલ ડેરી, જૂના દાદર અને ગુજરાતી ચોક થઈને મહેન્દ્ર શાહ હોસ્પિટલ તરફ જઈ શકશે.

**નવા બસ સ્ટેશન તરફથી આવતા વાહનો:** પાયોનિયર હાઇસ્કૂલ ચોકડી થઈને મહેન્દ્ર શાહ હોસ્પિટલ રોડનો ઉપયોગ કરી શકશે.

**કાનૂની કાર્યવાહીની ચેતવણી:** જાહેરનામાના આદેશોનો ભંગ કરનાર વ્યક્તિ સામે ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

## વડતાલમાં જલઝીલણી એકાદશીએ નૌકા વિહાર મહોત્સવ યોજાયો





શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલ ધામમાં જલઝીલણી એકાદશીના પવિત્ર પર્વે મંદિરના પટાંગણમાંથી વાજતે-ગાજતે ભવ્ય શોભાયાત્રા નીકળી ગોમતી કિનારે પહોંચી હતી. અહીં લાલજી મહારાજ, મુખ્ય કોઠારી દેવપ્રકાશ સ્વામી અને સંતો દ્વારા હરિકૃષ્ણ મહારાજ તથા વિઘ્નહર્તા દેવનું પૂજન-અર્ચન કરાયું હતું. હરિકૃષ્ણ મહારાજ અને ગણપતિ દાદાને ગોમતીજીમાં નૌકા વિહાર કરાવી મહાઆરતી ઉતારાઈ હતી. મંદિરના ચેરમેન અને કોઠારી સ્વામીના માર્ગદર્શનમાં યોજાયેલા આ ઉત્સવના અંતે હરિભક્તોને પ્રસાદનું વિતરણ કરાયું હતું.

૧૪૪ વર્ષ જૂની પરંપરા | ભાદરવા સુદ બારસ, તેરસ અને ચૌદસે શ્રદ્ધાળુઓ ઉજાણી કરશે

# કપડવંજ:રત્નાગીરીમાતાજીના મંદિરે ત્રિ-દિવસીય લોકમેળાનો પ્રારંભ થશે

**લોકમાતા** મોટા અને નાના રત્નાગીરી માતાજીના મંદિરે તૈયારી પૂરજોશમાં શરૂ



(પ્રતિનિધિ) કપડવંજ તા.૨૨

કપડવંજથી માત્ર પાંચ કિલોમીટરના અંતરે આવેલા લોકમાતા મોટા અને નાના રત્નાગીરી માતાજીના મંદિરે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ ભાદરવા સુદ બારસ, તેરસ અને ચૌદસના રોજ ત્રણ દિવસીય લોકમેળો યોજાશે, જેની તૈયારીઓ હાલ પૂરજોશમાં ચાલી રહી છે.

કપડવંજ સ્થિત આ બંને મંદિરોમાં છેલ્લા ૧૪૪ વર્ષોથી આ લોકમેળાનું આયોજન કરવામાં આવે છે. આ પરંપરા પાછળનો ઈતિહાસ દર્શાવે છે કે ઈસવીસન ૧૮૮૨ના જૂન-જુલાઈ મહિનામાં કપડવંજમાં કોલેરાનો ભયાનક રોગચાળો ફેલાયો હતો, જેના કારણે સ્મશાનમાં અગ્નિસંસ્કાર માટે લાઈનો લાગી હતી અને પ્રજામાં હાહાકાર મચી ગયો હતો.

તે સમયે બહારથી આવેલા એક બ્રાહ્મણની સલાહ મુજબ રોગ નિવારણ અર્થે બંને માતાજીના મંદિરોએ સવામણ તાંબાની નોબત તથા જરીયાન નિશાન સાથે વસ્ત્રો ધરાવવામાં આવ્યા હતા. આ ઉપાય બાદ રોગચાળો કાબુમાં આવ્યો હતો અને ત્યારથી સમગ્ર કપડવંજની જનતા આ ત્રણ દિવસ દરમિયાન માતાજીના મંદિરે જઈને ઉજાણી કરે છે. મેળા પૂર્વે ભાદરવા સુદ અગિયારસના દિવસે મોટા રત્નાગીરી માતાજીની અને બારસના દિવસે નાના રત્નાગીરી માતાજીની શોભાયાત્રા નગરમાં નીકળે છે. માતાજીની પવિત્ર જ્યોત સાથે નીકળતી આ શોભાયાત્રામાં ભૂંગળના નાદ વચ્ચે ભવાઈના કલાકારો અને ભક્તો ગરબાની રમઝટ બોલાવે છે.

## કપડવંજના આતરસુંબા મુકામેથી જય અંબે પગપાળા સંઘનું અંબાજી પ્રયાણ



કપડવંજના આતરસુંબાથી માતાજીની ધજાની શોભાયાત્રા સાથે જય અંબે પગપાળા સંઘ અંબાજી જવા રવાના થયો છે. સંઘના આયોજક હિરેનભાઈ મહેતા, રાજુભાઈ ભાવસાર, હસમુખભાઈ પ્રજાપતિ અને હર્ષદસિંહ ચંપાવત સહિતના કાર્યકરો દ્વારા સંઘનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. છેલ્લા 27 વર્ષથી સતત યોજાતા આ સંઘમાં આતરસુંબા ઉપરાંત વાઘવતના સરપંચ દીપસિંહ તથા જયંતીભાઈ સહિત 20થી વધુ પદયાત્રીઓ જોડાયા છે. ગામના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ દ્વારા દર વર્ષની જેમ આ સંઘમાં નિસ્વાર્થ સેવા પૂરી પાડવામાં આવી રહી છે.

# ચારુસેટમાં ૨૯મીએ 'જાતિસમાનતા, પોષણ' વિષય પર સેમિનાર યોજાશે

**ગુજરાત સરકારના** 'સેતુ' પ્રોગ્રામ અંતર્ગત વિદ્યાર્થીઓ માટે વિશેષ આયોજન

(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

ચારુસેટ યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થીમાં જાતિ સમાનતા, પોષણ, જાતીય સતામણી નિવારણ અને મહિલા સુરક્ષા અંગે જાગૃતિ કેળવવાના હેતુથી આગામી 29મી સપ્ટેમ્બરના રોજ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ચારુસેટના ઈક્વલ ઓપર્ચ્યુનિટી સેલ (ઈઓસી) દ્વારા યોજાનાર આ સેમિનાર જેન્ડર રિસોર્સ સેન્ટર (જીઆરસી) અને ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગના સેતુ (સસ્ટેનિંગ ઈક્વાલિટી થ્રૂ યુનિવર્સિટીઝ) પ્રોગ્રામ અંતર્ગત યોજાશે.

આ આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ માટે સુરક્ષિત, સ્વસ્થ અને સહાયક શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવાની સાથે સામાજિક તથા આરોગ્યલક્ષી મુદ્દાઓથી માહિતગાર કરવાનો છે. આ સેમિનારમાં ગુજરાતના વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓ સાથે ચાર મહત્વપૂર્ણ વિષયો પર સંવાદ અને માર્ગદર્શન કરવામાં આવશે. પ્રથમ સત્રમાં જાતીય સતામણી નિવારણ અધિનિયમ, યોગ્ય વર્તન, અધિકારો અને જવાબદારીઓ, નિવારક પગલાં તેમજ કાયદાકીય અને સહાય વ્યવસ્થાઓ અંગે સમજ અપાશે. બીજા સત્રમાં મહિલાઓના અધિકારો, સુરક્ષા અને 181 હેલ્પલાઈન દ્વારા મળતી સહાય સેવાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાશે.

ત્રીજા સત્રમાં સંતુલિત આહાર, સ્વસ્થ જીવનશૈલી અને વિદ્યાર્થીજીવન દરમિયાન શારીરિક તથા માનસિક સુખાકારી જાળવવાના મહત્વ અંગે માર્ગદર્શન અપાશે. ચોથા સત્રમાં જાતિ સમાનતા, ગૌરવ, પરસ્પર સન્માન અને જાતિ આધારિત રૂઢિચુસ્ત માન્યતાઓ તથા ભેદભાવ દૂર કરવા અંગે ચર્ચા કરાશે.

આ ઉપરાંત, વિદ્યાર્થીઓમાં પ્રતિરોધાત્મક આરોગ્ય સંભાળ માટે GMERS મેડિકલ કોલેજ, વડોદરાના મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ-ડીનની સલાહ અને પરામર્શ હેઠળ કોમ્પ્રિહેન્સિવ હેલ્થ સ્ક્રીનિંગ કેમ્પ પણ યોજાશે.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## નડિયાદના ધરણીધર હોમ્સ ખાતે ગણેશ મહોત્સવની ઉજવણી કરવામાં આવી



**નડિયાદ** | રીયલ નમકીન પાસે આવેલ ધરણીધર હોમ્સમાં સોસાયટીના અગ્રણીઓ અને મુખ્ય યજમાન પટેલ બિપીનભાઇ સહિત સાત જેટલા યજમાનોએ ગણપતિ દાદાની આરતી તથા પૂજન વિધિનો લાભ લીધો હતો. આ પ્રસંગે મહિલા નારી શક્તિ તરફથી મંત્રમુગ્ધ કરી દે તેવો આકર્ષક સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આરતી પ્રસંગે દંડક પંકજભાઈ દેસાઈ, નડિયાદ મનપાના મેયર મનીષભાઈ પટેલ, કાઉન્સિલર કાજલબેન પટેલ અને મયુરભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહાનુભાવોએ ધરણીધર હોમ્સના આ ગણપતિ મહોત્સવના આયોજનને બિરદાવ્યું હતું.

## આણંદના ત્રણોલ બાબા રામદેવ મંદિરે ભાદરવા સુદ નોમે ભવ્ય નેજા ઉત્સવ ઉજવાયો



**આણંદ** | ભાદરવા સુદ નોમના પાવન પર્વે ત્રણોલ સ્થિત શ્રી બાબા રામદેવ મંદિરે ભવ્ય નેજા ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવમાં અલગ-અલગ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિક ભક્તો પગપાળા અને સંઘો લઈને નેજા ચડાવવા માટે ઉમટી પડ્યા હતા. રાસનોલ ગામથી વિજય પઢીયાર તથા રામદેવ ભજન મંડળ દ્વારા ઢોલ-નગારાના તાલે અને જયઘોષ સાથે નેજા યાત્રા યોજીને ત્રણોલ પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓએ બાબાના ચરણોમાં શીશ ઝુકાવી, વિધિવત પૂજા-અર્ચના કરીને બાબાના મંદિરના શિખરે પવિત્ર નેજા અર્પણ કર્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## રાસનોલના ગબાપુરા પ્રાથમિક શાળામાં નિવેદિતા ફાઉન્ડેશન દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો



**આણંદ** | આણંદ જિલ્લાના રાસનોલ ગબાપુરા ખાતે આવેલી પ્રાથમિક શાળામાં નિવેદિતા ફાઉન્ડેશનના વિદ્યાર્થીઓ દ્વારા ૫ દિવસીય વિશેષ વર્કશોપ કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાના બાળકોમાં વિવિધ સામાજિક અને શૈક્ષણિક વિષયો પ્રત્યે જાગૃતિ લાવવા સાથે તેમનો સર્વાંગી વિકાસ કરવાનો હતો. આ કાર્યક્રમ અંતર્ગત ફાઉન્ડેશનના વિદ્યાર્થીઓએ ખાસ સેમિનારો યોજીને બાળકોને વિવિધ વિષયો પર ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બાળકોની આંતરિક શક્તિઓ ખીલે અને કૌશલ્ય વર્ધન થાય તે હેતુથી યોજાયેલી સ્કીલ ડેવલપમેન્ટ આધારિત પ્રવૃત્તિઓ અને રમતોમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓ દ્વારા 'વેસ્ટમાંથી બેસ્ટ' નો અનોખો પ્રયોગ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત કસ્તુરબા કન્યા વિદ્યાલય ખાતે પ્રિન્સિપાલ નિરાલી મેડમ તથા સુપરવાઇઝર નીલાબેનના માર્ગદર્શન હેઠળ પર્યાવરણ સુરક્ષા અર્થે પ્લાસ્ટિક રિસાયકલિંગ ઝુંબેશ યોજાઈ હતી. આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થિનીઓએ નકામા પ્લાસ્ટિકમાંથી પ્લાન્ટર્સ, પેન હોલ્ડર, તોરણ, લેમ્પશેડ અને બર્ડ ફીડર જેવી આકર્ષક અને ઉપયોગી વસ્તુઓનું નિર્માણ કર્યું હતું. શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થિનીઓની પર્યાવરણ જાગૃતિને બિરદાવતા પ્લાસ્ટિકના ખતરા સામેના આ રિસાયકલિંગ પ્રયાસને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવ્યો હતો.

## આણંદની સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કુલ ખાતે 'વિકસિત ભારત' ચિત્ર સ્પર્ધા યોજાઈ



**આણંદ** | સરદાર વલ્લભભાઈ પટેલ હાઇસ્કુલ ખેતીવાડી, આણંદ ખાતે 'વિકસિત ભારત ૨૦૪૭ / સેવા સુશાસન સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, જેમાં પારુલબેન પી. પરમારે કન્વીનર અને અંકિતાબેન આર. પટેલે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. પરિણામોમાં માધ્યમિક વિભાગમાં હીર સોલંકી અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં હિનલ યાદવ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા. શાળાના આચાર્ય યોગેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન સંપન્ન થયું હતું.

## ગુજરાત કૅથલિક સમાજનો 'તેજસ્વી તારલા સન્માન' અને 'શિક્ષણ સહાય' કાર્યક્રમ યોજાયો



**નડિયાદ** | નડિયાદના ક્રાઇષ્ટ ધ કિંગ ચર્ચ ખાતે ગુજરાતી કેથલિક સમાજ દ્વારા 'તેજસ્વી તારલા સન્માન' તેમજ આર્થિક શિષ્યવૃત્તિ સહાય કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ધોરણ 10, 12 તથા વિવિધ ફેકલ્ટીમાં 90 ટકાથી વધુ ગુણ મેળવનાર તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને ઇનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સમાજના આર્થિક જરૂરિયાતવાળા પસંદ કરાયેલા 40 જેટલા યુવક-યુવતીઓને રૂ. 5 લાખની શિક્ષણ સહાય પૂરી પાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ધાર્મિક વડાઓ, સમાજના હોદ્દેદારો તથા દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા અને સમાજસેવકોનું પણ સન્માન કરાયું હતું.

## મહિસાગર જિલ્લામાં 'વિકસિત ભારત ૨૦૪૭' અંતર્ગત વક્તૃત્વ અને ચિત્ર સ્પર્ધા યોજાઈ



**વીરપુર** | મહીસાગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના માર્ગદર્શન હેઠળ તમામ ૮ તાલુકાઓમાં ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે વક્તૃત્વ તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને 'વિકસિત ભારત ૨૦૪૭' વિષયને કેન્દ્રમાં રાખી પોતાની વક્તૃત્વ અને ચિત્રકળાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. આ પ્રસંગે ગ્રામજનો, વાલીઓ, પદાધિકારીઓ તથા SMC સભ્યો સહિતના આગેવાનોએ ઉપસ્થિત રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ સ્પર્ધામાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર તેમજ ઇનામો એનાયત કરી પ્રોત્સાહિત કર્યાં હતાં.

## કપડવંજની કોલેજમાં એનએસએસ સ્વયંસેવકો દ્વારા રાષ્ટ્રીય અંધજન ધ્વજ દિને ફાળો એકત્ર કરાયો



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કોમર્સ કોલેજના એનએસએસ સ્વયંસેવકોએ રાષ્ટ્રીય અંધજન ધ્વજ દિન નિમિત્તે દૃષ્ટિહીન વ્યક્તિઓની સહાય માટે ફાળો એકત્રિત કર્યો હતો. રાષ્ટ્રીય અંધજન મંડળ કપડવંજ શાખાના મંત્રીશ્રી રમેશભાઈ પટેલની રાહબરીમાં વિદ્યાર્થીઓએ વિવિધ વર્ગખંડોમાં ફરીને કુલ 8,700 નો સહયોગ એકત્ર કર્યો હતો. આચાર્ય ડો. વિષ્ણુભાઈ ત્રિવેદી તથા NSS પ્રોગ્રામ ઓફિસર ડો. એ.કે. અપારનાથીની ઉપસ્થિતિમાં આ રકમ વી.એસ. ગાંધી ચેરીટેબલ ટ્રસ્ટના સ્ટાફને સુપરત કરવામાં આવી હતી.

## નડિયાદની ડીડીઆઇટી કૉલેજમાં 'માઇન્ડ બૉડી અને ટેકનૉલૉજી' વિષય પર વર્કશોપ યોજાયો



**નડિયાદ** | નડિયાદની ધરમસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ (ડીડીઆઇટી) કોલેજમાં વુમન સેલ એક્ટીવીટીના ભાગરૂપે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજન હેડ સી.પી. પટેલ દ્વારા 'માઇન્ડ બોડી અને ટેકનોલોજી' વિષય પર કરવામાં આવ્યું હતું. જેમાં ગેસ્ટ સ્પીકર તરીકે કપડવંજના ફીજીઓ વેલનેસ ડો. નાઝનીન રાણાએ હેલ્થને લગતી વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. પ્રો. મીનાઝ શેખ, પ્રો. ચિરાગ પટેલ, પ્રો. લક્ષ્મી, પ્રો. કિજલ આચાર્ય, પ્રો. રૂપલ પટેલ અને પ્રો. નેહા ગઢવીના સંયુક્ત પ્રયાસથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## અરડી ગણેશ મહોત્સવમાં સંધ્યા આરતીમાં વડાપ્રધાનના દિર્ઘાયુષ માટે પ્રાર્થના કરાઈ



**પેટલાદ** | પેટલાદ તાલુકાના અરડી ગામે અરડી પાટીદાર યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં તાલુકા પંચાયત સભ્ય વિજયભાઇ ગોહેલે ખાસ ઉપસ્થિત રહી સંધ્યા આરતી ઉતારી હતી. આ પ્રસંગે બી.એ.પી.એસ. સત્સંગ મંડળના યુવકો દ્વારા આકર્ષક ડેકોરેશન તથા ગરબા, ભજન, સમૂહ આરતી અને અન્નકૂટનું સુંદર આયોજન કરાયું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મ દિવસની ઉજવણીના સપ્તાહ નિમિત્તે ઉપસ્થિત સૌએ ગણેશજીને વિશેષ પ્રાર્થના કરી હતી.

## કરમસદમાં વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસે માનસિક સ્વાસ્થ્ય જાગૃતિ કાર્યક્રમો યોજાયા



**આણંદ** | ભાઈકાકા યુનિવર્સિટી, કરમસદની પ્રમુખસ્વામી મેડિકલ કોલેજના મનોચિકિત્સા વિભાગ દ્વારા ચેન્જીંગ ધ નેરેટીવ ઓન સ્યુસાઈડ થીમ હેઠળ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આત્મહત્યા નિવારણ વિષય પર યોજાયેલી પોસ્ટર મેકિંગ સ્પર્ધામાં ૧૮ સ્પર્ધકોએ ૧૯ પોસ્ટર રજૂ કર્યા હતા. મનોચિકિત્સા વિભાગના પ્રોફેસર ડો. જગદીશ વર્મા દ્વારા આણંદ કોમર્સ કોલેજ ખાતે "એનહેન્સીંગ સાયકોલોજીકલ વેલ-બીંઈંગ" વિષય પર માર્ગદર્શન સત્ર યોજાયું હતું.